# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

નેક પ્રમાણિત "બી" ગ્રેડ

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોન: (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬
કુલપતિ: (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવ: (ઓ) ૨૪૨૮૦૧૪ ફેક્સ: (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલ: registrar@bhavuni.edu વેબસાઈટ: www.bhavuni.edu

એકેડેમિક / વિદ્યા / ૯૬૫ / ૧૨૯૨ / ૨૦૧૩ તા: ૧૭/૦૬ / ૨૦૧૩

**વિષય:** સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ આંતરિક પરીક્ષા (Internal Examination) માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને પુન:પ્રવેશ અંગે...

**સંદર્ભ:** (૧) એકેડેમિક કાઉન્સિલ તા.૧૫/૦૫/૨૦૧૩ની સભાના ઠરાવક્રમાંક:(૭)
(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તા.૨૩/૦૫/૨૦૧૩ ની સભાના ઠરાવક્રમાંક:(૧૮)

## પરિપત્ર:

આથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક ભવન / કેન્દ્રના વડાઓને જણાવવાનું કે, સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ આંતરિક પરીક્ષા(Internal Examination)માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને પુન: પ્રવેશ અંગેના નિયમોમાં જરૂરી સુધારો કરવા અંગેની બાબત ઉકત સંદર્ભે ક્રમાંક અન્વયે એકેડેમિક કાઉન્સિલ તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં રજૂ રખાતા તે પરત્વે નીચે મુજબ ઠરાવ થયેલ છે, જે અંગે સંબંધિત સર્વેને જાણ કરવી.

**એકેડેમિક કાઉન્સિલ તા. ૧૫/૦૫/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક:(૭)**

" આથી ઠરાવવામાં આવે છે કે, આંતરિક પરીક્ષા(Internal Examination)માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ જોગવાઈ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(૧) **સ્નાતક:** આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને આગલા વર્ષમાં પ્રવેશ યુનિવર્સિટીના નિયમ પ્રમાણે આપવો. તેમજ આંતરિક પરીક્ષા ત્રણ પ્રયત્ન (ટ્રાયલ) સુધી લઈ શકાશે અને ત્યારબાદ તેમણે જે – તે સેમેસ્ટરમાં પુન: પ્રવેશ લેવાનો રહેશે.

(૨) **અનુસ્નાતક:** જયાં સેમેસ્ટર ૧ થી ૪ છે ત્યાં આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને આગલા વર્ષમાં પ્રવેશ યુનિવર્સિટીના નિયમ પ્રમાણે આપવો. તેમજ આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષા ત્રણ પ્રયત્ન (ટ્રાયલ) સુધી લઈ શકાશે.

તેમજ જયાં સેમેસ્ટર ૧ થી ૬ છે ત્યાં આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને આગલા વર્ષમાં પ્રવેશ યુનિવર્સિટીના નિયમ પ્રમાણે આપવો. તેમજ આંતરિક પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષા ત્રણ પ્રયત્ન (ટ્રાયલ) સુધી લઈ શકાશે."

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તા.૨૩/૦૫/૨૦૧૩ ની સભાના ઠરાવક્રમાંક:(૧૮)**

" આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૫/૦૫/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક:(૭) ની ભલામણ મંજૂર રાખવી."

કાર્યકારી કુલસચિવ ૭/૬/૨૦૧૩

પ્રતિ,

(૧) સંબંધિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ

(૨) અનુસ્નાતક ભવન / કેન્દ્રના વડાઓ

નકલ જાણ સારૂ રવાના:

(૧) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર– ઉપરોકત અન્વયે કોમ્પ્લાયન્સ સારૂ

(૨) વિભાગીય અધિકારીશ્રી, સામાન્ય વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર–ઉપરોકત અન્વયે કોમ્પ્લાયન્સ સારૂ